# -: આઅમાલે શહરૂલ્લાહ :-

(૧) નમાઝ વાસ્તે નૂરાની **સફેદ લિબાસ** અને **સફેદ મસલ્લા** નો ઈન્તેઝામ કરે.

(૨) સફર પર જાવાનો ઈરાદો મૌકૂફ રાખે અને પોતાના કારોબાર અને રોઝાના કામકાજને **નમાઝના વક્તો**નો ખ્યાલ કરીને તરતીબ આપે.

(૩) રોઝું કરવું હર બાલિગ ઈમાનદાર પર ફરઝ હોય, ઘરમાં સહેરી વાસ્તે **સામાનો અસ્બાબ**નો ખ્યાલ રાખે.

(૪) કારોબાર અને તિજારતના વક્તને એ મુજબ ઢાલે કે રાતે **નિસ્ફિલ્લૈલની નમાઝ**માં શરીક થઈ શકાય.

(૫) શહરૂલ્લાહ નફસ અને માલને પાકો સાફ કરવાના મહીના હોય, પોતાનો અકસર વક્ત ઈબાદતમાં ગુઝારે અને **વાજેબાતની અદાયેગી**માં કોઈ કુસૂર ન થાય એની તસ્દીઅ લે.

(૬) આ બાબરકત તીસ અય્યામમાં હરરોઝ **કુરઆને કરીમ**નો એક સિપારો પૂરો કરવાની આદત રાખે જેથી આખિરી અય્યામ તક પૂરા કુરઆન તમામ થઈ શકે.

(૭) નમાઝના વક્ત પર મસ્જિદમાં જલ્દી આવવાની આદત રાખે તાકે તિલાવતે કુરઆન થઈ શકે યા **તસ્બીહો તહલીલ** કરી શકાય. ખાસ્સતન મગરિબની નમાઝમાં અડધો કલાક જલ્દી આવે અને રમઝાનુલ મોઅઝ્ઝમને મોતઅલ્લિક જે નુકાત બયાન થાય છે તેથી ફાયદો લઈ શકાય.

(૮) અગર કોઈ મુમિન મુલાઝિમ તરીકે હોય તો આ અય્યામમાં એના પર **રેહમતની નઝર** રાખે અને નમાઝ પઢવા વાસ્તે એને મોહલત આપે.

(૯) રોઝામાં મૂઁહની તહારત હોવી ઝરૂરી છે, તેથી રોઝું છોડા પછી પડીકી, તમાકુ વગૈરા નશીલી ચીઝોને મૂઁહમાં ન લે. **મૂઁહની તહારત**ને બરકરાર રાખવાથી રોઝાનો અજરો સવાબ સાબિત રહે છે.

(૧૦) **રોઝા**ની હાલતમાં આઁખ, કાન અને ઝબાન પર કાબૂ રાખે કેમ કે તમામ ખરાબી આ રસ્તાઓથી દાખિલ થાય છે.

(૧૧) શહરૂલ્લાહમાં દાઅવતના મરકઝ તરફથી જે બયાનો તકરીર થાય તેને ધ્યાન દઈને બરાબર સાંભલે અને તે મુજબ અમલ દર આમદ થઈને પોતાની ઝિંદગીને મુનવ્વર કરે.

(૧૨) ફરઝની નમાઝોને સાથે સાથે **સુન્નત, નાફેલત અને વશશેકો**ની નમાઝોને બાખુલૂસ અને બાકાયદા અદા કરે. જેમ લિબાસ બગૈર જિસ્મ ઉરયાન અને નાંગુ લાગે છે તેમ સુન્નત-નાફેલતની નમાઝ બગૈર ફરઝ પણ ઝીનતદાર અને કાબિલે દીદ લાગતું નથી.

(૧૩) ઘરમાં મીસાકની ઉંમરને કરીબ પહોંચેલા બચ્ચા હોય તો તેમને **રોઝા-નમાઝની હિદાયત** દેવામાં આવે જેથી દીનદારી-પરહેઝગારી તરફ તેમને હોંશ જાગે.

(૧૪) **બાવીસો-અક્લે અવ્વલની દોઆ**ને બિલા-કુસૂર સાંભલવાની આદત રાખે. આ દોઆ નિસ્ફિલ્લૈલની નમાઝ પહેલા પઢાય છે અને જેમાં આદમ નબી (અ.સ.) થી લઈને તમામ રૂહાની દરજાતની ઝિક્ર છે, તેમના વસીલા છે અને દીની-દુનિયાવી હાજાતને તલબ કરવા વાસ્તે ઉમદા ઝરીઓ છે. નમાઝ પહેલા મસ્જિદને બાહર ઊભા રહેવા કરતા બેહતર તો એ છે કે બાવીસાની દોઆમાં શરીક થાય, પંજતને પાક (અ.સ.) ના મુબારક નામોની વિર્દ થાય અને ઈનાયતે રબ્બાની યાહના હક્કદાર થવાય.

(૧૫) **દોઆ** મુમિનનું હથિયાર છે અને દોઆ સાંભલનારને દોઆ પઢનાર મુજબ જ સવાબ મીલે છે. લેહાઝા દાઅવતના કારેઈન-દોઆ પઢનારના કલામને ઈત્મિનાનથી મસ્જિદમાં હાઝિર મુમેનીન સાંભલે અને દુનિયાવી ગુફતગૂ કરવાથી પરહેઝ કરે. ★